

સેક્ટર-૨૪નાં મુખ્ય રોડ પર મૂકવામાં આવેલી કચરાપેટીને કારણે ગંદકી દુર કરવા કરતાં ગંદકી વધી રહી છે. આ જગ્યાએ જ કેમ કચરાપેટી મૂકાય છે એ પ્રશ્ન છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ... ઠેરઠેર શ્રાવણિયો જુગાર

## ચિલોડા મોટા ગામે જુગાર રમતા ૮ નબીરા ઝડપાયાં

ચિલોડા, તા.૨૬

શ્રાવણ માસમાં છાના ખૂણે શ્રાવણિયા જુગારની બાજી માંડવા નબીરાઓ થનગનાટ અનુભવી રહ્યા છે ત્યારે જુગારીયાઓને ઝડપી લેવા પોલીસ સજ્જ બની કમર કસી રહી છે. ચિલોડા વિસ્તારમાં ઈસનપુર મોટા, ધણપમાં જુગાર ખેલતાં નબીરાઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. ત્યાર બાદ ચિલોડા મોટા ગામે મુખ્ય ચોક નજીક પરબડીવાળા વાસમાં એક ગલીમાં હાર-જીતનો જુગાર રમતાં ૮ નબીરાઓને ચિલોડા પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે જુગાર રમતાં શખ્સો પાસેથી રોકડ રૂ. ૧૩૭૦૦, મોબાઈલ તથા ચાદર સહિત કુલ રૂ. ૧૫૭૫૦ની મત્તા ઝડપી પકડાયેલા શખ્સો સામે ગ્લેમ્બરીંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શ્રાવણ માસમાં શ્રાવણીયા જુગારની બાજી માંડવા નબીરાઓ તથા પોલીસ જુગારીઓને પકડવા સજ્જ થઈ રહ્યા છે તેમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. મોણપરા સાહેબે મળેલી બાતમીને આધારે ચિલોડા ગામના પરબડીવાસમાં જુગાર રમતા ૮ શખ્સોને ઝડપી પાડયા હતા. પોલીસે અંગ શખ્સોની અંગ ઝડતી લેતાં રૂ. ૧૩૭૦૦ની રકમ ઝડપી લીધી હતી. પોલીસે બાતમી મળતાં રેડ પાડતાં તીન પત્તીના જુગાર ખેલતા નબીરામાં ચિલોડા ગામના પ્રદિપસિંહ રણજીતસિંહ પરમાર, દિપકકુમાર ખોડીદાસ પંચાલ, ભાવેશ ખોડીદાસ પંચાલ, દશરથ ભાઈ ઉદાજી ઝાલા, જગદીશભાઈ તેજુસિંહ પરમાર, ઈરર્શાદ ઈકબાલભાઈ મનસુરી, સુરેશ કાન્તિજી ઠાકોર તથા ચંદ્રાલા ગામના વિમલકુમાર પ્રહલાદભાઈ પંચાલ વગેરેને પકડી જુગાર ધારા મુજબ ફરિયાદી દેવેન્દ્રસિંહ ઈશ્વરસિંહ રાવની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ રેડ પાડવામાં રાત્રિ પેટ્રોલીંગ દરમિયાન વહેલી સવારે પી.આઈ. મોણપરા, પી.એસ.આઈ.ગોહિલ સાહેબ, દેવેન્દ્રસિંહ રાવ, બિપિનભાઈ તથા વિરેન્દ્રસિંહ વગેરે પોલીસ સ્ટાફની ટીમે સ્થળ પર છાપો મારી જુગારીઓને રંગે હાથ ઝડપી લીધા હતા. હજુયે જુગારના શોખીનો તથા શ્રાવણીયો જુગાર રમવા નબીરાઓ ખુણે ખાંચરે બાજી માંડવા તલપાપડ બની રહ્યા હોવાનું જાણવા મળે છે.

### ઉનાવા ગામનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કર્મનિષ્ઠ



અને ભાજપમાં છેલ્લા પાંચ વર્ષથી સરાહનીય સેવા કરનાર મૌલિક પોપટભાઈ પટેલની તાજેતરમાં ગાંધીનગર તાલુકા યુવા રમતગમત સેલ ઈન્ચાર્જ તરીકે નિમણુંક કરવામાં આવી છે. ઉનાવા ગામના વતની અને યુવા વર્ગના ચહિતા મૌલિક પટેલની નિમણૂંકને ગ્રામજનો અને સ્નેહીજનોએ વધાવી લીધી છે. ભાજપ તેમજ ઉનાવા ગામના યુવાનોમાં તેમની નિમણૂંકથી હર્ષની લાગણી ફેલાઈ છે.

# ઉનાવા અંબાજી પદયાત્રા સંઘે ૩૦૦૦ ફૂડપેકેટ તૈયાર કર્યા

## ભરૂચના અસરગ્રસ્ત ગામડાઓમાં ફૂડ પેકેટ વહેંચાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામ આમ તો આખા જિલ્લાની રાજકીય પ્રયોગશાળા માનવામાં આવે છે. પરંતુ કોઈ પણ એવા પ્રસંગમાં રાજકારણને બાજુ ઉપર મુકી નર્મદા ડેમ ઓવરફ્લો થતા ભરૂચ તેમજ વડોદરા ગ્રામ્યના આંતરિક ગામો જ્યા નર્મદા નદીમાં પુરના કારણે પાણીનો આવરો વધવાથી ગામોમાં પૂરની સ્થિતિ છે. તેવી જગ્યા ઉપર ઉનાવા અંબાજી પદયાત્રા સંઘ દ્વારા ફૂડપેકેટ બનાવી ત્યાના અસરગ્રસ્ત લોકોને પહોંચતા કરવામાં આવનાર છે.

ઉનાવા ગામેથી છેલ્લા ઘણા વર્ષોથી અંબાજી પગપાળા નીકળતા



સંઘ તેમજ સંઘના આયોજકો નવનીતભાઈ મણીભાઈ પટેલ તેમજ ઉનાવા ગામના પૂર્વ સરપંચ મહેશભાઈ મણીભાઈ પટેલ દ્વારા સમાજ ઉપયોગી પ્રવૃત્તિ કરવામાં આવે છે. આજ ઉનાવા અંબાજી પદયાત્રા સંઘ દ્વારા ભૂતકાળમાં રક્તદાન કેમ્પ, કારગીલ રાહત ફંડ, અંબાજી ગબ્બર સ્વચ્છતા અભિયાન જેવી સમાજને ઉપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમાં આગળ વધી આજરોજ ભરૂચ જિલ્લો તેમજ તેની આસપાસ



(તસવીર : ધીરેન પટેલ)

આવતા અંતરિયાળ ગામોમાં જવા આજે ઘણીજ કપરી પરિસ્થિતિ પ્રવૃત્તિ રહી છે. તેવા સંજોગોમાં ઉનાવા ગામ અને પદયાત્રા સંઘના સહિયારા પ્રયાસથી અંદાજીત ૩૦૦૦ હજાર જેટલા ફૂડ પેકેટ બનાવી ત્યાં સુધી પહોંચાડવાની પણ વ્યવસ્થા આજ સંઘના વહીવટકર્તા તેમજ સ્વયં સેવકો દ્વારા કરવામાં આવી હતી. ખરેખર સમાજની ખરા અર્થમાં સેવા કેવી રીતે થાય તે આજના રાજકારણીઓને આ બાબતથી શિખવા જેવુ પ્રેરક કામ તેમણે કર્યુ હતુ. આ ફૂડપેકેટમાં પુરી શાક બનાવી એવી રીતે પેક કરવામાં આવ્યુંછે કે તેમણે શાક ગરમ જ મળે તેની પણ કાળજી વહીવટદારો દ્વારા રાખવામાં આવી છે. આ ફૂડપેકેટ તૈયાર કરાવવામાં ઉનાવા અંબાજી પદયાત્રા સંઘ પરીવારના સ્વયંમસેવકો જેવા કે પ્રવિણભાઈ મહેતા, નાથુજી ડાભી, કેશાભાઈ પટેલ (કલોલવાળા) રમેશભાઈ પટેલ (ઝુંડાલવાળા) દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### આજે શિવકથામાં જયોર્તિલિંગ પ્રાગટય

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર માણસા રોડ પર આવેલા વાસણીયા મહાદેવ મંદિર ખાતે શિવકથા સમિતિ દ્વારા શિવકથાનું સુંદર પારાયણ થઈ રહ્યું છે. શિવકથાના આજે ચોથા દિવસે બે જયોતિર્લિંગ પ્રાગટયની કથાનું રસપાન સંજયભારતી ગોસ્વામી દ્વારા કરાવવામાં આવશે.

શિવકથાના આજે તા. ૨૭મીને ચોથા દિવસે ભોળાનાથના દ્વાદશ જયોતિર્લિંગમાંથી બે જયોતિર્લિંગના પ્રાગટયની કથા અને જયોતિર્લિંગના દર્શનનો લાભ ભકતજનોને મળશે. સંજય ભારતી ગોસ્વામી દ્વારા બપોરે ૨.૩૦ કલાકે શિવકથાનું મધુર શૈલીમાં પારાયણ થઈ રહ્યું છે.

### જન્માષ્ટમીના મેળામાં મફત પાણીની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના શ્રદ્ધાળુઓના આસ્થા સમાન પંચદેવ મંદિર સે. ૨૨માં ૨૮મી ઓગષ્ટને જન્માષ્ટમી પર્વે મેળો ભરાય છે. મેળામાં આવતા લોક મહેરામણની તરસ છીપાવવા રોટરી કલબ દ્વારા મફત પાણી વિતરણ કેન્દ્ર શરૂ કરાશે.

દર વર્ષની જેમ જન્માષ્ટમી તહેવાર પ્રસંગે પંચદેવ મંદિર પાસે ભરાતા મેળામાં આવતા લોકો માટે મફત શુદ્ધ પાણીની વ્યવસ્થા રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે. રોટરી કલબ ઓફ ગાંધીનગર તરફથી નિઃશુલ્ક પાણી ફિઝિયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ના સ્થળેથી મળી શકશે. જન્માષ્ટમીના મેળામાં પધારનાર જાહેર જનતા પાણીનો લાભ લઈ શકશે. એમ પ્રમુખ રાહુલ મહેતાએ જણાવ્યું છે

### આનંદી મા ના વડલે રાસ ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

માણસા ગામના મકાખાડ રોડ પાસેના મલાવ તળાવ ખાતે આનંદી મા ના વડલે ૨૮મી ઓગષ્ટ-૨૦૧૩ને બુધવારે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે રાસ ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આનંદી મા ના વડલે જન્માષ્ટમીની રાત્રે ૯ કલાકે ચીમનભાઈ રામી અને સાથી ભજનીકો દ્વારા કૃષ્ણ જન્મોત્સવના રાસ ગરબા યોજાશે. ભજનો અને રાસ ગરબાની રમઝટ સાથે કૃષ્ણ જન્મને ઉજવવામાં આવશે જેનો ભક્તજનો લાભ લઈ શકશે.



ગાંધીનગર સચિવાલય સંકુલ બ્લોક નંબર ૮ સલામતી શાખાના કર્મચારીઓ દ્વારા સલામતી શાખામાં ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો-કર્મચારીઓ હાજર રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ઈસનપુર-સચિવાલય પોઈન્ટની બસમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા ધામધૂમથી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ઈસનપુર-સચિવાલય પોઈન્ટની બસના મુસાફરી કરતા અધિકારીઓ-કર્મચારીઓના સહયોગથી સતત બીજા વર્ષે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૩મી ઓગષ્ટને શુક્રવારના રોજ ઈસનપુરથી શ્રી સત્યનારાયણ દેવની કથાનું સવારે ૯.૦૦ કલાકે આયોજન કરાયુંહતું. સચિવાલય સુધીમાં ચાલુ બસે ૧૦.૩૦ કલાકે પહોંચવાના સમય દરમ્યાન શ્રી સત્યનારાયણ દેવની કથાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. સવારે ઈસનપુર પોઈન્ટના સ્થળે બસને અંદર-બહારથી સરસ રીતે શણગારવામાં આવેલ હતી. બસના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ કથાનું સુંદર રીતે શ્રવણ કરી શકે તે માટે બસમાં જ માઈકસેટ સાથે સ્પિકર સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. શ્રી સત્યનારાયણ દેવની કથા પવિત્ર શ્રાવણ માસમાં વિધિપૂર્વક કરાવવા માટે આચાર્યશ્રી યોગેશ મહારાજ અને બીજા વિદ્વાન મહારાજને પણ બોલાવવામાં આવ્યા હતા. હાજર રહેલા અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓએ કથામાં ઉત્સાહભેર તૈયાર થઈને આવ્યા હતા. અને ખુબ જ શાંતિપૂર્વક સાંભળી અને ખુબજ આનંદિત થઈ ગયા હતા. જેમાં યજમાન તરીકે શ્રી કિર્તીભાઈ ગોર બેઠા હતા. બસમાં કથા કરાવવાનો હેતુ ગુજરાત રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને ગુજરાત રાજ્યની જેમ સમગ્ર દેશનો પણ સર્વાંગી વિકાસ થાય તે હેતુ હતો. મુખ્યમંત્રીશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં પ્રભુ પ્રાર્થના દ્વારા રાજ્ય તથા દેશની સમૃદ્ધિ તથા ઉન્નતિની શુભકામનાઓ આપ સૌ દ્વારા કરવામાં આવી તે આવકારદાયક બાબત છે તેમ જણાવ્યું હતું. તેમજ પ્રવાસી મિત્રોને હૃદયપૂર્વકના અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

બસના પ્રવાસી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ આયોજન કરતાં શ્રી જતીનભાઈ વછરાજાની અને શ્રી પરાગભાઈ જોષીનો તથા બસના પ્રમુખશ્રી અશોકભાઈ ભાડેસીયાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૩૦માં આવેલા ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરમાં તા. ૨૮મી ઓગષ્ટ-૨૦૧૩ને બુધવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે સંગીતમય ભજન-ગીતોનો સુંદર કાર્યક્રમ યોજાશે.

શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરમાં રાત્રે ૧૦ કલાકથી કાનુડાના જન્મ સમય સુધી સંગીતમય ભજન અને ગીતોની રમઝટ બોલાશે. કૃષ્ણ જન્મ બાદ ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુઓ માટે મંજરી અને ખીરના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. સર્વે ધર્મપ્રેમીઓને ભક્તિમય પ્રસંગનો લાભ લેવા સિંધિ પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપાલાણીએ ખાસ જણાવ્યું છે.

### જય અંબે યુવક મિત્ર મંડળ કૃષ્ણ જન્મોત્સવ ઉજવશે


ગાંધીનગર શહેરના સેકટર-૨૪માં આવેલા અંબાજી ચોક ખાતે જય અંબે યુવક મિત્ર મંડળ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ અને ભજન સંધ્યા તેમજ મટકી ફોડનો સુંદર કાર્યક્રમ યોજાશે.

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે ડબલ ડેક્કર સેકટર-૨૪ના અંબાજી ચોક ખાતે ૨૮મીએ રાત્રે ૮ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ યોજાશે તથા ૨૯મી ઓગષ્ટે સવારે ૯ કલાકે મટકી ફોડ કાર્યક્રમ ઉજવાશે. સમગ્ર કાર્યક્રમમાં સર્વે શહેરીજનોને ભાગ લેવા ખાસ જણાવ્યું છે.

### ગુજરાત નિયંત્રિત બજાર સંઘના માનદ્ સહમંત્રી નિમાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લા સહકારીના ચેરમેન કે.આર. પટેલની તાજેતરમાં ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદમાં માનદ સહમંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા સહકારી સંઘના ચેરમેન અને જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના ડિરેકટર, એ.પી.એમ.સી. ગાંધીનગરના ડિરેકટર તથા ગાંધીનગર ડિસ્ટ્રીકટ કો. ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ના વાઈસ ચેરમેન



કાંદરભાઈ રણછોડભાઈ પટેલની તાજેતરમાં ગુજરાત નિયંત્રિત બજાર સંઘ અમદાવાદમાં માનદ સહમંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જેને સૌ સ્નેહીજનોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.



વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ગાંધીનગર જિલ્લા દ્વારા ૮૪ કોસી પરિક્રમા ઉપર મૂકેલ પ્રતિબંધ તથા સંતો અને હિંદુ નેતાઓની ધરપકડના વિરોધમાં ધરણા કરવામાં આવ્યા હતા. અને ત્યારબાદ ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. (કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૫૮

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫
ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫
: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫
મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ચેન્નાઈ એકસપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦
ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

### ચિરાગ, કલોલ

મા બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા સરગમ નૃત્યો અને ગીતોને સાંકળીને તૈયાર કરેલ 'કૃષ્ણ ચરામૃતમ' નામક નૃત્ય નાટકી રજૂ કરવામાં આવશે.

### ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે કિર્તીભાઈ ભટ્ટના નિવાસ સ્થાન ૧૪૫/ ૧૨-બી-૧, ટાઈપ કડી સ્કુલની પાસે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે પરેશભાઈ દવેના નિવાસ સ્થાને , ઈશાન ફલેટ વિરાટનગર ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.

## આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

**કર્ક** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કુંભ** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.